ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0




રંગોળીનો ખજાનો - શહેરના ૧૦૦થી વધુ ચિત્રકારો અવનવી પરિકલ્પના રંગોના સંયોજનોથી અભિવ્યક્ત કરી અદ્‌ભૂત રંગોળીઓનું નિર્માણ કર્યું હતું... ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રસન્નતાના ૨૫માં વર્ષે દિવાળી પૂર્વે આયોજાયેલ રંગોળી સ્પર્ધામાં પર્વનો ઉમળકો અનુભવાતો હતો... ક્યાંક મોરના ટહૂકા તો ક્યાંક ગાંધીની સાદગી, ક્યાંક ફુલોની મ્હેંક તો ક્યાંક રંગોની મહેફીલ ઉપરાંત ઈશ્વરી આસ્થાની કૃતિઓ સહિત અનેક વિષયો પર સુશોભન રંગોળી જોવાનો લ્હાવો કલાપ્રેમીઓ મેળવ્યો હતો... આઠ વર્ષથી ૬૦ વર્ષના ચિત્રકારોએ પોતપોતાનું કસબ અજમાવી રંગોળી સ્પર્ધાને સોળેકળાએ ખીલવી હતી...

# પેટાચૂંટણીમાં પક્ષપલ્ટુઓનો પરાજય

**છ બેઠકોના જંગમાં કોંગ્રેસ ૫૦ ટકા બેઠકો મેળવી લડાયક મિજાજનો પરચો આપ્યો : રાધનપુર, બાયડ અને થરાદ બેઠક જીતવામાં કોંગ્રેસને સફળતા : જ્યારે અમરાઇવાડી, ખેરાલુ અને લુણાવાડા બેઠક જાળવવામાં ભાજપ સફળ : રાધનપુર અને બાયડ બેઠક પર અલ્પેશ અને ધવલસિંહનો કારમો પરાજય**

અમદાવાદ, તા.૨૪

રાજ્યની છ વિધાનસભાની બેઠકોની પેટા ચૂંટણીના આજના પરિણામો ભાજપ માટે બહુ મોટા આંચકા અને આઘાત સમાન હતા, તો કોંગ્રેસ માટે બહુ મોટી જીત સમાન અને કોંગ્રેસમાં નવી ઉર્જાના



સંચાર સમાન હતા. છ બેઠકો પૈકી ભાજપ અને કોંગ્રેસે ત્રણ-ત્રણ બેઠકો કબ્જે કરી હતી. આમ, આ વખતની પેટાચૂંટણીમાં કોંગ્રેસે ભાજપને જોરદાર કાંટે કી ટક્કર આપી હતી. આમ જોવા જઈએ તો, આ પેટાચૂંટણીમાં કોંગ્રેસનો હાથ ભાજપ કરતાં રાજકીય રીતે ઉપર રહ્યો છે. ઉત્તર ગુજરાતની થરાદ, રાધનપુર અને બાયડની બેઠક કોંગ્રેસે ભાજપ પાસેથી આંચકી ભાજપને બહુ મોટી રાજકીય પછડાટ આપી છે તો, ભાજપે સમ ખાવા પૂરતી ખેરાલુ, લુણાવાડા અને છેલ્લી ઘડીયે ભારે રસાકસી બાદ અમદાવાદની અમરાઈવાડી બેઠક જીતવામાં સફળતા મેળવી હતી. જો કે, સૌથી આંચકાજનક અને અણધાર્યા પરિણામ તો, રાધનપુર અને બાયડ બેઠકના હતા, કે જ્યાંથી અનુક્રમે અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલા ભાજપના કમળ પર ચૂંટણી લડયા પરંતુ તેમની કારમી હાર સાથે ભાજપનું પણ કમળ કચડાઈ ગયુ અને આ બંને ઠાકોર નેતાઓના રાજકીય સપના રોળાઈ ગયા. ગુજરાતની છ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીના આજના પરિણામો ભાજપ માટે બહુ મોટી હાર સમાન રાજકીય દ્રષ્ટિકોણથી ગણાવાઈ રહ્યા છે તો, કોંગ્રેસ માટે આજના પરિણામો બહુ મોટી જીત સમાન મનાઈ રહ્યા છે. પેટાચૂંટણીમાં ભાજપ કરતાં કોંગ્રેસની રાજકીય કૂટનીતિ વધુ ચઢિયાતી અને ફળદાયી સાબિત થઈ છે. ઉત્તર ગુજરાતની થરાદ બેઠક પરથી કોંગ્રેસના યુવા ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂત ૬૩૯૦ મતે જીત્યા છે.

કોંગ્રેસના યુવા ઉમેદવાર ગુલાબસિંહે ભાજપના જીવરાજ પટેલનું કમળ મસળી નાંખ્યુ હતું. તો, બાયડ બેઠક પર જશુભાઈ પટેલે ભાજપના ધવલસિંહ ઝાલાને બહુ અણધારી હાર આપી હતી. સૌથી આંચકાજનક અને આઘાતજનક પરિણામ ભાજપ માટે રાધનપુર બેઠકના રહ્યા. રાધનપુર બેઠક પરથી અલ્પેશ ઠાકોરને વરઘોડો લીલા તોરણે પાછો ફર્યો હતો. કોંગ્રેસના રઘુ દેસાઈએ ભાજપના આયાતી ઉમેદવાર અલ્પેશ ઠાકોરને જોરદાર રીતે ઉંધા માથાની પછડાટ આપી હતી. અમદાવાદની અમરાઈવાડી બેઠક પર કોંગ્રેસના ધર્મેન્દ્ર પટેલે ભાજપના જગદીશ પટેલને છેક ૧૮મા રાઉન્ડ સુધી પાછળ રાખ્યા હતા પરંતુ છેલ્લા બે રાઉન્ડમાં જગદીશ પટેલે આગળ નીકળી ભાજપનું કમળ કચડાતાં કચડાતાં બચાવી લીધુ હતુ. તો, લુણાવાડા બેઠક પરથી ભાજપના જીગ્નેશ સેવકની જીત થઈ છે, આ જ પ્રકારે ખેરાલુ બેઠક પરથી પણ ભાજપના અજમલજી ઠાકોર ૨૯,૦૨૬ મતથી જીત્યા છે. આમ, ભાજપને છમાંથી માત્ર ત્રણ બેઠક જ મળી છે. પેટાચૂંટણીના પરિણામો ભાજપ માટે ખરેખર અણધાર્યા અને આઘાતજનક હતા. ખાસ કરીને પક્ષપલ્ટો કરનારા અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાને સ્થાનિક પ્રજાએ જાકારો આપ્યો છે. આજના પરિણામો બાદ ભાજપની છાવણીમાં તો જાણે સોપો પડી ગયો હતો અને કાર્યકરોથી માંડી નેતાઓ-આગેવાનો સ્પષ્ટપણે નિરાશામાં જણાતા હતા તો, બીજીબાજુ, કોંગ્રેસ પક્ષમાં દિવાળી તાકડે જ દિવાળીની ઉજવણી બેવડાઈ ગઈ હતી. કોંગ્રેસમાં જોરદાર વિજયોત્સવ, જશ્ન અને ઉજવણીનો માહોલ છવાયો



હતો. ઉલ્લેખનીય છે કે, છ બેઠક ઉપર સરેરાશ ૫૩.૬૭ ટકા મતદાન નોંધાયું હતું. દરેક કાઉન્ટિંગ સેન્ટરની ફરતે થ્રીલેયર સીકયોરીટી ગોઠવવામાં આવી હતી. જેમાં સ્થાનિક પોલીસ, એસઆરપી તથા સીઆરપીએફના જવાનો તૈનાત રહ્યા હતા. સાંજે ચાર વાગ્યા સુધીમાં તમામ બેઠકોના પરિણામો સ્પષ્ટ થઈ ગયા હતા.

## શહેરમાં સરકારી આવાસોમાં કોર્ટના આદેશ છતાં બિનઅધિકૃત કબજો

**સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસોમાં બિન અધિકૃત કબજો તંત્રના ચોપડે આવાસ ઇચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી**

ગાંધીનગર તા ૨૪

શહેરમાં જુના અને જર્જરિત આવાસો તોડવાની કામગીરીના અંતે શહેરમાં રહેણાંકને લાયક આવાસોની સંખ્યા ઘટી છે. હજુ પણ મકાનો તોડવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે સેકટરોમાં બિન અધિકૃત કબજો ધરાવતા આવાસો પણ વિશેષ છે. નિવૃતિ , બદલી અને અવસાનના કીસ્સામાં પણ આવાસો ખાલી થયા નથી જયારે આવા કિસ્સામાં કોર્ટના આદેશ બાદ પણ હજુ કેટલાક આવાસોમાં બિન અધિકૃત કબજો યથાવત હોવાનો સુર આક્રોશ સાથે ઉઠવા પામ્યો છે.

શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. જયારે બીજીતરફ નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરાયુ છે. સેકટરોમાં આવાસોની સંખ્યા સામે તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. પરંતુ માર્ગ મકાન વિભાગ પાસે રહેણાંકને લાયક આવાસો પુરતા ન હોવાથી કર્મચારીઓએ પણ હાલાકી વેઠવી પડે

● અનુસંધાન પાન-૭ પર

## દિપાવલી પર્વો પછી ગ્રામ્ય વિસ્તારોમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરાશે

**પંચાયતોને દબાણ દૂર કરવા વિનામૂલ્યે પોલીસ બંદોબસ્ત પણ ફાળવવામાં આવશે**

ગાંધીનગર, તા. ૨૪

ગૌચર સહિતની સંપ્રાસ થયેલી જમીનો પરના દબાણો દૂર કરવાની કામગીરી માટે પોલીસ બંદોબસ્ત વિનામૂલ્યે આપવાનો મહત્વના નિર્ણયનો અમલ કરવા માટે સરકારે સૂચના આપી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ અન્વયે થયેલી જોગવાઈઓ અનુસાર ગ્રામ પંચાયતને સંપ્રાસ જમીનો પરના અનઅધિકૃત દબાણો દૂર કરવાના અધિકારો પંચાયતોને સોંપાયેલા છે. પરંતુ ઘણીવાર ગ્રામ પંચાયત દ્વારા આ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરતાં સંબંધિત ઈસમો તરફથી અડચણો ઉભી કરાતાં સુલેહશાંતિનો ભંગ થાય તેવી દહેશત રહે છે તેથી દબાણો દૂર કરી શકાતા નથી. આવા સંજોગોમાં દબાણો દૂર કરવાની કાર્યવાહી સરળતાથી થઈ શકે તે

● અનુસંધાન પાન-૭ પર

નૂતન વર્ષાભિનંદન

ગાંધીનગર જિલ્લાના સર્વે નગરજનો તથા જિલ્લાના તમામ ગામડાઓમાં વસતા રાજપૂત સમાજના ભાઈઓ-બહેનો તથા યુવાનોને શ્રી ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ તરફથી સર્વેને નૂતન વર્ષાભિનંદન સહ... નવું વર્ષ આપને તથા આપના પરિવારને સર્વે પ્રકારે સુખમય, પ્રગતિમય અને સમૃદ્ધિદાયક નિવડે તેવી અભ્યર્થના સહ....

ગાંધીનગર જિલ્લા રાજપૂત સેવા સમાજ ટ્રસ્ટ



શ્રી દશરથસિંહ એલ. વાઘેલા
પ્રમુખ
(સરગાસણ)

શ્રી જશુભા એલ. પરમાર
અધ્યક્ષ - લગ્ન સમિતિ
(રાંધેજા)

શ્રી ભીખુસિંહ એમ. બિહોલા
મહામંત્રી
(નાંદોલ)

તમામ હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ

કાર્યાલય મંત્રી : વાઘેલા શંકરસિંહ બળદેવસિંહ (S.B.) (વાસણ-મહાદેવ)

# અમીત શાહ આજે ગાંધીનગર-કલોલ આવશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આજે બીજીવાર ગાંધીનગરના સત્તાવાર પ્રવાસે આવી રહ્યા છે. તેઓ તેમની બીજી મુલાકાતમાં ગાંધીનગર મનપા, ગુડા અને જિલ્લા વહીવટીતંત્રના લાભાર્થીઓને વિવિધ લાભો અને ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ કરશે.

તેઓ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટસીટી પ્રોજેકટ્સ અંતર્ગત લેવાયેલ મહત્વના નિર્ણયો અંતર્ગતના પ્રોજેકટ્સનુ લોકાર્પણ અને ખાતવિધિ કરશે.

તેમના આ પ્રવાસમાં સૌથી મોટી યાદગાર પળ એ રહેશે કે જિલ્લાને ડિસે. ૧૯ પહેલાં સ્મોકલેસ જિલ્લો બનાવવાના સંકલ્પની ઘોષણા કરશે. આ ઉપરાંત તત્કાલીન કલેક્ટર એસ.કે. લાંગાએ રજુ કરેલી દરખાસ્ત અંતર્ગત ઓ.એન.જી.સી.ના સીએસઆર ફંડમાંથી એક હજાર લાભાર્થીઓને ગેસ કનેક્શનની ૩૮ લાખ ૩૭ હજાર રૂપિયાની કિંમતના ગેસની સુવિધા પુરી પાડશે.

આ ઉપરાંત ગુડા વિસ્તારમાં ૯૦ કિ.મી.નું પેયજળની લાઈનોનું ડ્રીસ્ટ્રુબ્યુશન ધરાવતી રૂ. ૨૯ કરોડ ૬૯ લાખની ૨૪૮૭ પેયજળની સુવિધાનું લોકાર્પણ કરશે.



અમીત શાહ ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ગાંધીનગર (ઉ) વિધાનસભા ઉપરાંત કલોલ વિધાનસભાનો પણ પ્રવાસ કરનાર છે.

કલોલ-માણસા રોડના આધુનિકરણની સાથે સાથે ફલાય ઓવરબ્રીજના લોકાર્પણ તેમજ એ.પી.એમ.સી.ના કચેરીનું ખાતમૂહુર્ત અને ગેટનું લોકાર્પણ કરનાર છે. કલોલની આ તેમની મુલાકાત દરમ્યાન ૩૫૦૦થી વધુ દિવ્યાંગોને તે રૂ. ૪.૨૫ કરોડની સાધનસહાય પણ કરનાર છે. આ દિવ્યાંગોને ઓળખી કાઢવા માટે તત્કાલીન કલેક્ટર લાંગાના સમયમાં જિલ્લામાં ૧૮ થી વધુ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યુ હતુ તેમજ આ દિવ્યાંગોના સાધન-સહાયનુ પેકેજ પણ તે ગાળામાં જ આખરી થયુ હતુ જે નોંધનીય છે.

અમીત શાહના આજના આ બન્ને વિધાનસભા મત વિસ્તારના ભરચક પ્રવાસને લઈ તંત્રએ પણ તડામાર તૈયારીઓને આજે સાંજે અંતિમ ઓપ આપી દીધો છે.

દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ, ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ



અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૫૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ
સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ)
સેક્ટર-30 ચાર રસ્તા,
નમસ્તે સર્કલ પાસે, સેક્ટર-30,
અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી 93777 23164 | આર. ડી. ગાંધી 99241 23164
ખાલી ડ્રાયફ્રુટ બોક્ષ હોલસેલ ભાવે છૂટકમાં ઉપલબ્ધ.
PARAM

શુભ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ લાભ
તા. ૫-૧૧-૨૦૧૯થી શુભારંભ
જયઅંબે ભોજનાલય કેટરર્સ
અમારે ત્યાં સાત્વીક, સ્વાદિષ્ટ ભોજન જમવા પધારો
ભોજનની પાર્સલ વ્યવસ્થા છે.
દરેક શુભ તથા લગ્ન પ્રસંગે ગુજરાતી, પંજાબી, સાઉથ ઈન્ડીયન, ચાઈનીઝની ફુલ ડીશના કોન્ટ્રાક્ટ માટે સંપર્ક કરો
કુંદનલાલ ડી. પટેલ
પ્લોટ નં. ૩૦૬/એ/૨, મંગલમૂર્તિ પાર્ક, સેક્ટર-૮, ગાંધીનગર
મો. ૯૮૨૫૭ ૧૯૯૮૬, ૯૯૨૫૪ ૬૬૪૯૦

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com